સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT

18-08-2019 TO 24-08-2019

WEEK - 34

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**સંપાદક**

મૌલિક ગોંધિયા
(Director - ICE)

[AUGUST-2019]
[25/08 to 31/08]

# WEEK-35

## CURRENT TOPIC

- National Sports Award 2019 એનાયત
- ભારતમાં 10 સરકારી બેન્કોનું મર્જર કરી ચાર મોટી બેન્કોની રચના કરવાની જાહેરાત
- 45મી G7 Summit 2019
- સુશ્રી પી.વી. સિંધૂ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનારા ભારતના પ્રથમ ખેલાડી બન્યા
- ભારતના પૂર્વ નાણામંત્રી શ્રી અરુણ જેટલીનું નિધન
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને UAE અને બહેરિનના સર્વોચ્ચ સન્માન એનાયત


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**25 AUGUST, 2019 SUNDAY**

## ➤ સુશ્રી પી.વી. સિંધૂ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનારા ભારતના પ્રથમ ખેલાડી બન્યા

તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના બાસેલ નામના શહેરમાં આવેલા સેન્ટ જેકોબશેલ નામના એરેના અથવા તો ઈનડોર સ્ટેડિયમમાં બેડમિન્ટનની BWF World Championships 2019નું આયોજન થયું હતું.

- આ ચેમ્પિયનશિપની 'વિમેન્સ સિંગલ્સ' ઈવેન્ટની ફાઈનલ મેચમાં જાપાનના સુશ્રી નોઝોમી ઓકુહારાને પરાજય આપીને ભારતના સુશ્રી પી.વી. સિંધૂએ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- આ સાથે જ સુશ્રી પી.વી. સિંધૂ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- આ ચેમ્પિયનશિપમાં 1 ગોલ્ડ અને 1 બ્રોન્ઝ સહિત કુલ 2 મેડલ જીતીને મેડલ ટેબલમાં ભારત ચોથા ક્રમે છે.
- જ્યારે 2 ગોલ્ડ સહિત કુલ 6 મેડલ જીતીને જાપાન મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે છે.
- આ ચેમ્પિયનશિપમાં સુશ્રી પી.વી. સિંધૂના ગોલ્ડ મેડલ ઉપરાંત ભારતના શ્રી બી.સાઈ. પ્રણીથે 'મેન્સ સિંગલ્સ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ચેમ્પિયનશિપમાં ભારતના કોઈ પુરુષ ખેલાડીએ 36 વર્ષ બાદ આ મેડલ જીત્યો છે.




### સુશ્રી પી.વી. સિંધૂ

સુશ્રી પી.વી. સિંધૂનું પૂરું નામ સુશ્રી પુસર્લા વેંકટા સિંધૂ છે.

- તેમનો જન્મ 5 જુલાઈ, 1995ના રોજ ભારતમાં વર્તમાન તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો હતો.
- તેમના બેડમિન્ટન કોચનું નામ શ્રી પુલેલા ગોપિચંદ છે.
- શ્રી પી.વી. સિંધૂએ બેડમિન્ટનની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 1 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 5 મેડલ જીત્યા છે.
- આ અગાઉ વર્ષ 2017 અને 2018ની વર્લ્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં સુશ્રી પી.વી. સિંધૂનો પરાજય થતાં તેમને સિલ્વર મેડલ મળ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સુશ્રી પી.વી. સિંધૂએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | 2019 | ગોલ્ડ | વિમેન્સ સિંગલ્સ |
| 2 | 2018 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 3 | 2017 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 4 | 2014 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |
| 5 | 2013 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |

- આ ઉપરાંત વર્ષ <u>2016</u>માં રમાયેલી <u>**ઓલિમ્પિક ગેમ્સ**</u>માં સુશ્રી પી.વી. સિંધૂએ <u>**સિલ્વર મેડલ**</u> જીત્યો હતો. અને એ સાથે જ સુશ્રી પી.વી. સિંધૂ બેડમિન્ટનની રમતમાં ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના પ્રથમ મહિલા ખેલાડી બની ગયા હતા.
- વર્ષ <u>2018</u>માં <u>**એશિયન ગેમ્સ**</u> તથા <u>**કોમનવેલ્થ ગેમ્સ**</u> એમ બંનેમાં તેમણે <u>**'વિમેન્સ સિંગલ્સ'**</u> ઈવેન્ટમાં <u>**સિલ્વર મેડલ**</u> જીત્યો હતો.
- તથા વર્ષ 2018ની <u>**કોમનવેલ્થ ગેમ્સ**</u>ની <u>**'મિક્સ ટીમ'**</u> ઈવેન્ટમાં તેમને <u>**ગોલ્ડ મેડલ**</u> મળ્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એવોર્ડ

સુશ્રી પી.વી. સિંધૂને એનાયત થયેલા નેશનલ એવોર્ડમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) અર્જુન એવોર્ડ 2013

(2) પદ્મ શ્રી 2015

(3) રાજીવ ગાંધી ખેલ રત્ન 2016

**નોંધ :** (1) સુશ્રી પી.વી. સિંધૂના પિતા <u>**શ્રી પી.વી. રમણ**</u> અને માતા <u>**શ્રીમતી પી. વિજયા**</u> એમ બંને ભારતના પૂર્વ નેશનલ <u>**વોલીબોલ**</u> ખેલાડી છે.

(2) તેમના પિતા શ્રી પી.વી. રમણને વર્ષ <u>2000</u>માં <u>**અર્જુન એવોર્ડ**</u> એનાયત થયો હતો.


(3) <u>BWF</u>નું પૂરું નામ <u>Badminton World Federation</u> છે.



## ➤ ભારતના પૂર્વ નાણામંત્રી શ્રી અરુણ જેટલીનું નિધન

ભારતના પૂર્વ નાણામંત્રી તથા ભાજપના વરિષ્ઠ નેતા <u>શ્રી અરુણ જેટલીનું</u> 24 ઓગસ્ટ, 2019ના રોજ <u>નવી દિલ્હી</u> ખાતે 66 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 28 ડિસેમ્બર, 1952ના રોજ <u>દિલ્હી</u>માં થયો હતો.
- તેમનું પૂરું નામ <u>શ્રી અરુણ મહારાજ કિશન જેટલી</u> છે.
- ભારતીય રાજનીતિમાં <u>'સર્વમિત્ર'</u> તથા <u>'અજાતશત્રુ'</u> તરીકે ઓળખાતા શ્રી અરુણ જેટલીને ભારતમાં જૂન 1975માં લદાયેલી <u>ઈમરજન્સી (અથવા તો કટોકટી) વિરુદ્ધના પ્રથમ સત્યાગ્રહી</u> માનવામાં આવે છે.
- શ્રી અરુણ જેટલીએ ભારતમાં કેન્દ્ર સરકારના <u>નાણા, સંરક્ષણ, કોર્પોરેટ બાબતો, ઉદ્યોગ અને વ્યાપાર, કાયદો અને ન્યાય તથા માહિતી અને પ્રસારણ મંત્રી</u> તરીકે સેવા આપી હતી.
- છેલ્લે વર્ષ 2014થી 2019 દરમિયાન તેઓ કેન્દ્ર સરકારના <u>નાણા અને કોર્પોરેટ બાબતો</u>ના મંત્રી હતા.
- વર્ષ 2009થી 2014 દરમિયાન તેઓ ભારતની <u>રાજ્યસભામાં વિરોધ પક્ષના</u> <u>નેતા</u> પદે રહ્યા હતા.
- તેઓ ભારતની <u>સુપ્રીમ કોર્ટ</u>ના વરિષ્ઠ <u>વકીલ</u> હતા.
- ભારતમાં <u>GST, નોટબંધી, રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરવું, મોનિટરી પોલિસી કમિટીની રચના તથા 'Insolvency and Bankruptcy Code'</u> લાવવામાં શ્રી અરુણ જેટલીની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી અરુણ જેટલીને સૌપ્રથમ શ્રી અટલ બિહારી વાજપેયીની સરકારમાં ઓક્ટોબર, 1999 દરમિયાન કેન્દ્ર સરકારના <u>માહિતી અને પ્રસારણ મંત્રાલય</u>નો <u>રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો</u> સોંપવામાં આવ્યો હતો.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) શ્રી અરુણ જેટલી <u>એપ્રિલ 2000થી એપ્રિલ 2018</u> સુધી <u>ગુજરાત</u>માંથી તેમજ <u>એપ્રિલ 2018થી 24 ઓગસ્ટ 2019</u> દરમિયાન <u>ઉત્તરપ્રદેશ</u>માંથી <u>રાજ્યસભાના સાંસદ</u> હતા.

(2) શ્રી અરુણ જેટલીના સન્માનમાં 12 સપ્ટેમ્બર, 2019ના રોજ નવી દિલ્હી ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં <u>દિલ્હી</u>ના <u>ફિરોઝ શાહ કોટલા (ક્રિકેટ) સ્ટેડિયમ</u>નું નામ બદલીને <u>અરુણ જેટલી (ક્રિકેટ) સ્ટેડિયમ</u> રાખવામાં આવશે.

S.T.I.\ P.I.
MAINS

ફ્રી

ટોર્ચલાઈટ પ્રોગ્રામ

રાજકોટ

- હાઈસ્કોર કરવાની મેથડ
- લેખનશૈલી અને શબ્દોની આવડત દ્વારા આકર્ષક Answer Writing Practise Formula
- તજજ્ઞો અને ભાષાવિદ્ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન
- પૂર્વના ચેક થયેલા પેપરનું વિશ્લેષણ
- પેપર ચેકીંગ મેથડની ટ્રીક અને ટેક્નિક

08/09/2019, રવિવાર
સમય : સાંજે 5 થી 7:30

ફ્રી રજિસ્ટ્રેશન જરૂરી
93280-01110 / 93757-01110

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ICE Questions

1. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ?
   (A) શ્રી પુલેલા ગોપિચંદ (B) શ્રી બી.સાઈ પ્રણીથ
   (C) સુશ્રી પી.વી. સિંધૂ (D) સુશ્રી સાનિયા નેહવાલ **(C)**

2. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી બેડમિન્ટનની BWF World Championships 2019માં ભારતના સુશ્રી પી.વી. સિંધૂએ ગોલ્ડ મેડલ જીત્યો છે ?
   (A) બાસેલ, સ્વિત્ઝર્લેન્ડ (B) બર્ન, સ્વિત્ઝર્લેન્ડ
   (C) ઝુરિચ, સ્વિત્ઝર્લેન્ડ (D) જીનેવા, સ્વિત્ઝર્લેન્ડ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના બાસેલ ખાતે યોજાયેલી બેડમિન્ટનની BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2019માં કોને પરાજય આપીને ભારતના સુશ્રી પી.વી. સિંધૂએ ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(A) સુશ્રી ચેન યુફેઈ (B) સુશ્રી સાયાકા હિરોતા
(C) સુશ્રી વાકાના નાગાહારા (D) સુશ્રી નોઝોમી ઓકુહારા (D)

4. બેડમિન્ટનની BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2019ની કઈ ઈવેન્ટમાં સુશ્રી પી.વી. સિંધૂએ ગોલ્ડ મેડલ જીત્યો છે ?
(A) વિમેન્સ સિંગલ્સ (B) વિમેન્સ ડબલ્સ (C) મિક્સ્ડ ડબલ્સ (D) ત્રણમાંથી કોઈ નહિ (A)

5. બેડમિન્ટનની BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તાજેતરમાં 36 વર્ષ બાદ મેડલ વિજેતા અથવા તો બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતના પુરુષ ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી પ્રણોય કુમાર (B) શ્રી બી. સાઈ પ્રણીથ
(C) શ્રી ચિરાગ શેટ્ટી (D) શ્રી સમીર વર્મા (B)

6. ભારતના પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી. સિંધૂને નીચેનામાંથી કયો પુરસ્કાર એનાયત થયો નથી ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ
(C) અર્જુન એવોર્ડ (D) રાજીવ ગાંધી ખેલ રત્ન (B)

7. સુશ્રી પી.વી. સિંધૂનો જન્મ કયાં થયો હતો ?
(A) બેંગાલુરુ, કર્ણાટક (B) તિરુપતિ, આંધ્રપ્રદેશ
(C) હૈદરાબાદ, તેલંગાણા (D) અમરાવતી, આંધ્રપ્રદેશ (C)

8. તાજેતરમાં ભારતના પૂર્વ નાણામંત્રી શ્રી અરુણ જેટલીનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) હરિયાણા (B) પંજાબ (C) હિમાચલપ્રદેશ (D) દિલ્હી (D)

9. તાજેતરમાં ભારતના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અરુણ જેટલીનું નિધન થયું છે...તેમણે નીચેનામાંથી ભારત સરકારના કયા મંત્રી પદે સેવા આપી નથી ?
(A) કાયદો અને ન્યાય (B) સંરક્ષણ (C) ગૃહ (D) માહિતી અને પ્રસારણ (C)

10. તાજેતરમાં ભારતના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અરુણ જેટલીનું નિધન થયું છે...નિધન સમયે તેઓ ભારતના કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ હતા ?
(A) ઉત્તરપ્રદેશ (B) દિલ્હી (C) ગુજરાત (D) ત્રણમાંથી કોઈ નહિ (A)

11. શ્રી અરુણ જેટલી ભારતના કયા કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ હતા ?
(A) ઉત્તરપ્રદેશ, દિલ્હી, ગુજરાત (B) ઉત્તરપ્રદેશ, દિલ્હી
(C) ઉત્તરપ્રદેશ, ગુજરાત (D) ઉત્તરપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર (C)

12. તાજેતરમાં કયા ક્રિકેટ સ્ટેડિયમને શ્રી અરુણ જેટલીનું નામ આપવામાં આવ્યું છે ?
(A) ઈડન ગાર્ડન સ્ટેડિયમ (B) વાનખેડે સ્ટેડિયમ
(C) ફિરોઝ શાહ કોટલા સ્ટેડિયમ (D) જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**26 AUGUST, 2019 MONDAY**

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને UAE અને બહેરિનના સર્વોચ્ચ સન્માન એનાયત

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ફ્રાન્સ તથા ખાડી દેશોની મુલાકાત દરમિયાન તેમને UAE અને બહેરિનના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

### UAE

આ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને United Arab Emirates - UAE (અથવા તો સંયુક્ત આરબ અમિરાત)ના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ઝાયેદ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- UAEના ક્રાઉન પ્રિન્સ શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- UAE દ્વારા આ પુરસ્કારથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને સન્માનિત કરવાની જાહેરાત અગાઉ થઈ ચૂકી હતી. આ જાહેરાત અંતર્ગત તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો છે.

### બહેરિન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની બહેરિનની મુલાકાત દરમિયાન તેમને બહેરિનના સર્વોચ્ચ સન્માન 'ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

- બહેરિનના રાજા શ્રી હમાદ બિન ઈસા બિન સલમાન અલ ખલિફા દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બહેરિનની મુલાકાત લેનારા ભારતના પ્રથમ વડાપ્રધાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## બહેરિનમાં શ્રીનાથજી મંદિરનો જીર્ણોદ્ધાર

તેમની બહેરિનની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **બહેરિન**માં આશરે 200 વર્ષ જૂના **શ્રીનાથજી મંદિર**ના જીર્ણોદ્ધારનો પ્રારંભ કરાવ્યો હતો.

- આશરે 42 લાખ અમેરિકન ડોલરના ખર્ચે આ મંદિરનો જીર્ણોદ્ધાર થશે.
- શ્રીનાથજીનું આ મંદિર **બહેરિન**ના **મનામા** ખાતે આવેલું છે.

**નોંધ :** (1) **બહેરિન**ની રાજધાની **મનામા** છે. અને તેનું ચલણ **બહેરિની દિનાર** છે.
(2) જ્યારે **UAE**ની રાજધાની **અબુધાબી** છે. અને તેનું ચલણ **UAE દિરહામ** છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | કોના દ્વારા |
|---|---|---|
| 1 | ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા (2019) | બહેરિન |
| 2 | ઓર્ડર ઓફ ઝાયેદ (2019) | યુનાઈટેડ આરબ અમિરાત (UAE) |
| 3 | નિશાન ઈઝ્ઝુદ્દીન (2019) | માલદીવ |
| 4 | (પ્રથમ) ફિલિપ કોટલર પુરસ્કાર (2019) | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 5 | ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ (2019) | રશિયા |
| 6 | સીયોલ શાંતિ પુરસ્કાર 2018 | દક્ષિણ કોરિયા |
| 7 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર 2018 | યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર) |
| 8 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર 2018 | પેલેસ્ટાઈન |
| 9 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર (2016) | અફઘાનિસ્તાન |
| 10 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર (2016) | સાઉદી અરેબિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ બ્રાઝિલના એમેઝોનના જંગલોમાં દાવાનળથી વન્યસૃષ્ટિને ભારે નુકસાન



તાજેતરમાં **બ્રાઝિલ**ના **એમેઝોનના જંગલો**માં સેંકડો સ્થાને નવેસરથી દાવાનળ ભભૂકી ઉઠતા સ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ છે.

- સત્તાવાર આંકડા મુજબ આ વર્ષે એમેઝોનના જંગલોમાં દાવાનળ ભભૂકી ઊઠ્યો હોવાની આશરે 78,383 ઘટનાઓ નોંધાઈ ચૂકી છે.
- એમેઝોનના જંગલમાં લાગેલી આ આગને કારણે આ જંગલોમાં વસી રહેલા વન્યજીવો અને વૃક્ષોની પ્રજાતિ પર સંકટ ઉભું થયું છે.
- આથી, આ આગને ઠારવા માટે જરૂરી તમામ પગલા લેવાની માંગ સાથે **બ્રાઝિલ**ના વિશ્વભરના દેશોમાં આવેલા **દૂતાવાસો** સામે લોકો વ્યાપક દેખાવો કરી રહ્યા છે.

## એમેઝોનનું જંગલ



એમેઝોનના જંગલને Amazon Rainforest (એમેઝોન વર્ષાવન) તથા Amazonia તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે 'Moist Broadleaf Tropical Rainforest' એટલે કે 'મોટા પાંદળા અને ભેજવાળું ઉષ્ણકટિબંધીય વરસાદી વન' છે.
- દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન બેસિનમાં આશરે 5,500,000 $km^2$ વિસ્તારમાં આ જંગલો આવેલા છે. આ વિસ્તાર ભારતના વિસ્તાર (3,287,263 $km^2$) કરતા પણ વધારે છે.
- વિશ્વના કુલ Rainforest (વર્ષા કે વરસાદી વન)નો લગભગ અડધો ભાગ આ જંગલો ધરાવે છે.
- આ ઉપરાંત વિશ્વના ઉષ્ણકટિબંધીય વનોમાં સૌથી વધુ જૈવ વિવિધતા આ વનોમાં જ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કયા દેશમાં આ જંગલ આવેલું છે ?

વિશ્વના કુલ 9 દેશોની સરહદમાં આ જંગલો આવેલા છે.

- જેમાં આ જંગલનો સૌથી વધુ 60 ટકા વિસ્તાર એકલા બ્રાઝિલમાં જ આવેલો છે.
- બ્રાઝિલ બાદ બીજા ક્રમે પેરુમાં આ જંગલનો 13 ટકા અને ત્યારબાદ ત્રીજા ક્રમે કોલમ્બિયામાં આ જંગલનો 10 ટકા વિસ્તાર આવેલો છે.
- આ જંગલનો બાકીનો 17 ટકા વિસ્તાર વેનેઝુએલા ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ અને ફ્રેન્ચ ગુયાનામાં આવેલો છે.

### વિવિધ દેશોનો એમેઝોનના જંગલમાં હિસ્સો

| ક્રમ | દેશ | હિસ્સો |
|---|---|---|
| 1 | બ્રાઝિલ | 60 ટકા |
| 2 | પેરુ | 13 ટકા |
| 3 | કોલમ્બિયા | 10 ટકા |
| 4 | વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ, ફ્રેન્ચ ગુયાના | 17 ટકા |

## શું એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ પૂરો પાડે છે ?

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ (એટલે કે ઓક્સિજન) પૂરો પાડે છે.

- અને આ કારણે એમેઝોનના જંગલોને 'વિશ્વના ફેફસા' પણ કહેવામાં આવે છે.

- પરંતુ ખરી હકીકત એ છે કે પૃથ્વીના કુલ વિસ્તારમાંથી આશરે 71 ટકા ભાગ પાણી અને લગભગ 29 ટકા ભાગ જમીનનો છે.
- જેમાં પૃથ્વીના ફક્ત જમીન વિસ્તારના જ અને એમાંય પ્રકાશસંશ્લેષણ (Photosynthesis)ની ક્રિયા દ્વારા ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનમાંથી લગભગ 20 ટકા હિસ્સો એમેઝોનના જંગલોનો છે, સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનનો નહિ.

**નોંધ :** (1) એમેઝોન જંગલોમાં લાગતી આગનું મુખ્ય કારણ ખેતી માટે જમીન મેળવવાનું છે. બ્રાઝિલના કુલ ભાગમાંથી આ જંગલોનો વિસ્તાર લગભગ 40 ટકા જેટલો છે. આથી ત્યાં ખેતી માટે જમીન મેળવવા માટે જંગલોમાં આગ લગાડવામાં આવે છે એવું કહેવાય છે.

(2) જંગલમાં લાગતી આગ 'દવ' કે 'દાવાનળ' તરીકે ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં કયા દેશના સર્વોચ્ચ એવોર્ડ 'ઓર્ડર ઓફ ઝાયેદ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) બહેરિન (B) સાઉદી અરેબિયા
(C) પેલેસ્ટાઈન (D) સંયુક્ત આરબ અમિરાત **(D)**

2. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં કોના દ્વારા UAEના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ઝાયેદ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન
(B) શ્રી શેખ સલમાન બિન હમાદ અલ નાહયાન
(C) શ્રી શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન
(D) શ્રી શેખ ખલિફા બિન ઝાયેદ અલ નાહયાન **(A)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને બહેરિનના કયા સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા (B) ધ કિંગ ખલિફ ઓર્ડર ઓફ ધ રેનેન્સા
(C) ધ કિંગ મોહમ્મદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા (D) ધ કિંગ હુસૈન ઓર્ડર ઓફ ધ રેનેન્સા **(A)**

4. તાજેતરમાં કોના દ્વારા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને બહેરિનનો સર્વોચ્ચ પુરસ્કાર 'ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા' એનાયત થયો છે ?
(A) શ્રી હમાદ બિન ઈસા બિન સલમાન અલ ખલિફા
(B) શ્રી યાકૂબ બિન ઈસા બિન સલમાન અલ ખલિફા
(C) શ્રી રસૂલ બિન ઈસા બિન સલમાન અલ ખલિફા
(D) શ્રી ઈકબાલ બિન ઈસા બિન સલમાન અલ ખલિફા **(A)**

5. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા દેશમાં શ્રીનાથજી મંદિરના જીર્ણોદ્ધારનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) UAE (B) ફ્રાન્સ (C) માલદીવ (D) બહેરિન **(D)**

6. તાજેતરમાં ચર્ચામાં રહેલા એમેઝોનનું જંગલ કયા પ્રકારનું છે ?
(A) ઉપોષ્ણકટિબંધીય ભેજવાળું વરસાદી વન (Subtropical Moist Rainforest)
(B) ઉષ્ણકટિબંધીય ભેજવાળું વરસાદી વન (Tropical Moist Rainforest)
(C) ઉપોષ્ણકટિબંધીય સૂકું વરસાદી વન (Subtropical Dry Rainforest)
(D) ઉષ્ણકટિબંધીય સૂકું વરસાદી વન (Tropical Dry Rainforest) **(B)**

7. એમેઝોનનું જંગલ કયા ખંડમાં આવેલું છે ?
(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ અમેરિકા (C) યુરોપ (D) દક્ષિણ આફ્રિકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8. | વિશ્વના કુલ કેટલા દેશોમાં એમેઝોનનું જંગલ આવેલું છે ? | | | | |
| | (A) 5 | (B) 7 | (C) 9 | (D) 12 | (C) |
| 9. | એમેઝોનના જંગલનો સૌથી વધુ વિસ્તાર ધરાવતા પ્રથમ ત્રણ દેશોનો સાચો ક્રમ કયો છે ? | | | | |
| | (A) બ્રાઝિલ, કોલમ્બિયા, ઈક્વાડોર | | (B) બ્રાઝિલ, કોલમ્બિયા, પેરુ | | |
| | (C) બ્રાઝિલ, પેરુ, કોલમ્બિયા | | (D) બ્રાઝિલ, પેરુ, ઈક્વાડોર | | (C) |
| 10. | વિશ્વનું સૌથી મોટું ઉષ્ણકટિબંધીય વન કયું છે ? | | | | |
| | (A) એમેઝોનનું વન | (B) કોંગોનું વન | | | |
| | (C) માડાગાસ્કારનું વન | (D) દક્ષિણપૂર્વ એશિયાનું વન | | | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount

ફ્રી ટ્રાયલ લેક્ચર
03/09/19
સવારે / સાંજે

50% Discount
85% થી વધુને

20% Discount
70% થી વધુને

10% Discount
40% થી વધુને

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રીમાં રહેશે.

ICE ®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરુ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

27 AUGUST, 2019 TUESDAY

## ➤ 45મી G7 Summit 2019




તાજેતરમાં 24થી 26 ઓગસ્ટ, 2019 દરમિયાન ફ્રાન્સના બિઆર્રિત્ઝ નામના શહેરમાં G7 સમિટ 2019નું આયોજન થયું હતું.

- આ G7ની 45મી વાર્ષિક સમિટ હતી.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વના અનેક દેશોના નેતા ઉપસ્થિત રહ્યા હતા.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્લાઈમેટ ચેન્જ અંગેના સેશનને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કાર્બન ઉત્સર્જન ઘટાડવા ઉપરાંત પર્યાવરણને હાનિકારક પરિબળોનો નાશ કરવા અપીલ કરી હતી.
- આ સમિટની થીમ ‘Combating Inequality’ (અસમાનતાનો સામનો કરવો) હતી.

### Group of Seven (G7)

Group of Seven (G7) એ આંતરરાષ્ટ્રીય ઈન્ટરગવર્નમેન્ટલ ઈકોનોમિક ઓર્ગેનાઈઝેશન છે.

- G7 ગ્રુપમાં વિશ્વની સાત એડવાન્સ્ડ ઈકોનોમી ઉપરાંત યુરોપીયન યુનિયનનો પણ સમાવેશ થાય છે.
- G7 દેશોમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



- વર્ષ 2018ના ડેટા અનુસાર આ સાત દેશો **વૈશ્વિક નેટ સંપત્તિ**નો **58%** હિસ્સો ધરાવે છે.
- તથા **nominal values**ની દષ્ટિએ તે **વૈશ્વિક GDP**નો **46 ટકા** હિસ્સો અને **Purchasing Power Parity**ની દષ્ટિએ **વૈશ્વિક GDP**નો **32 ટકા** હિસ્સો ધરાવે છે.
- **15 થી 17 નવેમ્બર 1975** દરમિયાન **ફ્રાન્સ** ખાતે જ G7 દેશોની **પ્રથમ સમિટ** યોજાઈ હતી.
- પ્રથમ સમિટ દરમિયાન આ ગ્રુપ **G6** તરીકે ઓળખાતું હતું.
- ત્યારબાદ **1976**માં તેમાં **કેનેડા**નો સમાવેશ થતાં આ ગ્રુપ **G7** તરીકે ઓળખાયું.
- આ ઉપરાંત **1997થી 2014** દરમિયાન આ ગ્રુપમાં **રશિયા**નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આથી 1997થી 2014 દરમિયાન આ ગ્રુપ **G8** તરીકે ઓળખાતું હતું. જોકે 2014માં **રશિયા** તેમાંથી બહાર નીકળી ગયું હતું.

**નોંધ :** હવે પછી વર્ષ **2020**માં **46મી G7સમિટ એમરિકા**ના **મિયામી** નામના શહેરમાં યોજાશે.

## ➤ પોતાના સરપ્લસ રિઝર્વમાંથી RBI રૂ. 1.76 લાખ કરોડ સરકારને આપશે

પોતાની **સરપ્લસ રિઝર્વ**માંથી કેન્દ્ર સરકારને **રૂા.1,76,051** કરોડ ટ્રાન્સફર કરવાનો RBI દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

- RBIની આ સરપ્લસ ટ્રાન્સફર નાણાકીય વર્ષ 2018-19ના ભારતના GDPના **1.25 ટકા** છે.
- RBIના આ નિર્ણયથી સરકારી યોજનાઓના મૂડીખર્ચ માટે કેન્દ્ર સરકારને નાણાકીય મદદ મળશે.
- આ ઉપરાંત આ રકમથી ભારતમાં રાજકોષીય ખાદ્યના લક્ષ્યાંકને હાંસલ કરવામાં પણ સરકારને મદદ મળશે.
- નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતમાં **રાજકોષીય ખાદ્ય** ઘટાડીને GDPના **3.3 ટકા** રાખવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કઈ સમિતિની ભલામણથી RBIએ આ નિર્ણય કર્યો છે?

RBIના પૂર્વ ગવર્નર **શ્રી બિમલ જાલન**ની અધ્યક્ષતામાં બનેલી સમિતિની ભલામણને આધારે RBIએ આ નિર્ણય કર્યો છે.

### RBIનું સરપ્લસ રિઝર્વ શું છે?

સરળ શબ્દોમાં કહીએ તો RBI પાસે જે વધારાની રકમ હોય છે તેને RBIનું **સરપ્લસ રિઝર્વ** અથવા તો RBIના **વધારાના ભંડોળ** તરીકે ઓળખવામાં આવે છે.

- RBI આ સરપ્લસ સરકારને આપી શકે છે.
- RBIને તેની આવકમાં કોઈપણ પ્રકારનો ઈનકમ ટેકસ ચૂકવવો પડતો નથી. આથી પોતાની જરૂરિયાતો પૂરી કરીને તથા રોકાણ કર્યા બાદ RBI પાસે જે રકમ બચે છે તે RBIના સરપ્લસ ફંડમાં જાય છે. જે માંગ અનુસાર કેન્દ્ર સરકારને ટ્રાન્સફર કરાતી હોય છે.
- નાણાકીય વર્ષ **2018-19** દરમિયાન RBIને **રૂા.1.23 લાખ કરોડ**ની ચોખ્ખી આવક થઈ હતી.

## RBI

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તે ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

- રિઝર્વ બેંક ભારતીય રૂપિયાના ઈશ્યૂ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- રિઝર્વ બેંકની સ્થાપના 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત કરવામાં આવી હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી.
- RBIનું વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે.
- RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.

## ICE Questions

1. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન G7 સમિટ 2019 ક્યાં યોજાઈ હતી ?
(A) પેરિસ, ફ્રાન્સ (B) નાઈસ, ફ્રાન્સ
(C) લીઓન, ફ્રાન્સ (D) બિઆર્રિત્ઝ, ફ્રાન્સ **(D)**

2. તાજેતરમાં ફ્રાન્સના બિઆર્રિત્ઝ ખાતે કેટલામી G7 સમિટ 2019 યોજાઈ હતી ?
(A) 43મી (B) 44મી (C) 45મી (D) 46મી **(C)**

3. G7 દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) જર્મની (B) ચીન (C) બ્રિટન (D) ઈટલી **(B)**

4. G7 ગ્રુપ અગાઉ G6 તરીકે ઓળખાતું હતું.. 1976માં તેમાં કયા દેશનો સમાવેશ થતાં તે G7 તરીકે ઓળખાયું ?
(A) ફ્રાન્સ (B) જાપાન (C) કેનેડા (D) ઈટલી **(C)**

5. 1997 થી 2014 દરમિયાન G7 ગ્રુપમાં કયા દેશનો સમાવેશ થતાં આ ગ્રુપ એ સમય દરમિયાન G8 તરીકે ઓળખાતું હતું ?
(A) ચીન (B) UAE (C) રશિયા (D) નોર્વે **(C)**

6. તાજેતરમાં RBI દ્વારા પોતાના સરપ્લસ રિઝર્વમાંથી કેન્દ્ર સરકારને કેટલી રકમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) રૂા.1.25 લાખ કરોડ (B) રૂા.1.51 લાખ કરોડ (C) રૂા.1.67 લાખ કરોડ (D) રૂા.1.76 લાખ કરોડ **(D)**

7. કઈ સમિતિની ભલામણને આધારે તાજેતરમાં RBIએ કેન્દ્ર સરકારને રૂા.1.76 લાખ કરોડ આપવાનો નિર્ણય કર્યો છે ?
(A) શ્રી રઘુરામ રાજન (B) શ્રી બિમલ જાલન (C) શ્રી ડી. સુબ્બારાવ (D) શ્રી ઉર્જિત પટેલ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 28 AUGUST, 2019 WEDNESDAY

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત પોલીસને PCR વાન સમકક્ષ 50 બાઈક અર્પણ

27 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત પોલીસને PCR વાન સમકક્ષ 50 બાઈક અર્પણ કરવામાં આવ્યા છે.



- ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે લીલી ઝંડી બતાવીને આ બાઈક સાથે પોલીસ જવાનોને પ્રસ્થાન કરાવ્યું હતું.
- સાયરન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ફ્લેશ લાઈટ અને હાઈક્વોલિટી સેફટી હેલ્મેટથી સજ્જ આ બાઈક PCR વાન સમકક્ષ ટુ વ્હીલર છે.
- રાજ્યમાં માર્ગ અકસ્માત કે અન્ય કોઈ વિપદા સમયે જ્યાં PCR વાન પહોંચી શકે તેમ ન હોય ત્યાં આવી મોટરબાઈકથી તુરંત પહોંચીને સારવાર – સુરક્ષા સલામતિ પ્રબંધન થઈ શકશે.
- 'CSR એક્ટિવીટી' અંતર્ગત હિરો હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કુટર્સ ઈન્ડિયા દ્વારા ગુજરાત પોલીસને આ મોટરબાઈક આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ જન ઔષધિ કેન્દ્રોમાં હવે 1 રૂપિયામાં સેનિટરી નેપકિન મળશે

તાજેતરમાં કેન્દ્ર સરકારે પોતાના **જન ઔષધિ કેન્દ્રોમાં** વેચાતા **સેનિટરી** નેપકિનની કિંમત ઘટાડીને **1 રૂપિયો** કરી દેવાની જાહેરાત કરી છે.

- અત્યાર સુધી આવું 1 પેડ **અઢી રૂપિયા**ની કિંમતે મળતું હતું.
- અને તેનું **ચાર પેડનું** 1 પેક **10 રૂપિયા**માં મળતું હતું.
- હવે **ચાર પેડનું** પેકિંગ ફક્ત **ચાર રૂપિયા**માં જ મળશે.
- સરકારના આ નિર્ણયથી મહિલાઓના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને પ્રોત્સાહન મળશે.
- કેન્દ્રીય રસાયણ રાજ્યમંત્રી શ્રી મનસુખ માંડવીયાએ કરેલી જાહેરાત અનુસાર 27 ઓગસ્ટ 2019થી આ નેપકિન પસંદગીના કેન્દ્રો પર ઉપલબ્ધ થશે.
- આ બાયોડિગ્રેબલ નેપકિનને **'સુવિધા'** નામ આપવામાં આવ્યું છે.

## ➤ વિટામિન તથા ખનિજ પદાર્થ યુક્ત ફોર્ટિફાઈડ ચોખાના વિતરણ માટે સરકાર રોડમેપ તૈયાર કરશે

ભારતમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા **'Fortification of Rice and its Distribution under Public Distribution System'** નામની યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.

- પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજનાને **ત્રણ વર્ષ** માટે મંજૂરી આપવામાં આવી હતી.
- આ યોજનાનો પ્રારંભ **2019-20**થી થશે.
- આ યોજના અંર્તગત લાભાર્થીઓને રેશનની દુકાનેથી **આયર્ન, વિટામિન B-12 તથા ફોલિક એસિડ** યુક્ત **ફોર્ટિફાઈડ ચોખા** ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- યોજનાના પ્રારંભમાં **દરેક રાજ્યના** એક જિલ્લામાં આ યોજના શરૂ કરવામાં આવશે.
- આ યોજનાના અમલ માટે એક રોડમેપ બનાવવાનો તાજેતરમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. 27 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત પોલીસને PCR વાન સમકક્ષ કેટલા બાઈક અર્પણ કરવામાં આવ્યા છે ?
(A) 50 (B) 75 (C) 100 (D) 150 **(A)**

2. 27 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત પોલીસને ક્યાંથી PCR વાન સમકક્ષ 50 મોટરબાઈક અર્પણ કરવામાં આવ્યા છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) સુરત **(B)**

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર સરકારના જન ઔષધિ કેન્દ્રોમાંથી મહિલાઓને કેટલા રૂપિયામાં એક નંગ સેનિટરી નેપકિન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) રૂા. 1 (B) રૂા. 1.5 (C) રૂા. 2 (D) રૂા. 2.5 **(A)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં મહિલાઓ માટે ફક્ત 1 રૂપિયામાં સેનિટરી નેપકિન લોન્ચ કર્યા છે. આ સેનિટરી નેપકિનને શું નામ આપવામાં આવ્યું છે ?
(A) સુલભ (B) સુવિધા (C) સરલ (D) સહેલી **(B)**

5. ભારતમાં વિટામિન તથા ખનિજ પદાર્થ યુક્ત ફોર્ટિફાઈડ ________ ના વિતરણ માટે સરકારે મંજૂરી આપી છે.
(A) ઘઉં (B) બાજરી (C) જુવાર (D) ચોખા **(D)**

6. ભારતમાં વિટામિન તથા ખનિજ પદાર્થ યુક્ત ફોર્ટિફાઈડ ચોખાના વિતરણ માટે સરકારે કઈ યોજનાને મંજૂરી આપી છે ?
(A) Fortification of Rice and its Distribution under Public Distribution System
(B) Fortification of Rice under Public Distribution System
(C) Fortification of Rice and its Distribution
(D) ત્રણમાંથી કોઈ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 29 AUGUST, 2019 THURSDAY

➤ **દિવસ મહિમા : 29 ઓગસ્ટ, (1) પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ**
**(2) રાષ્ટ્રીય રમત દિન (National Sports Day)**

### પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ

સમગ્ર વિશ્વમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ હથિયારના ઘાતક પ્રભાવો અંગે જાગૃતિ ફેલાવીને સમગ્ર વિશ્વને પરમાણુ હથિયારથી મુક્ત કરવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર 2009માં એક પ્રસ્તાવ પસાર કરીને આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2010થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

## 29 ઓગસ્ટના રોજ શા માટે આ દિવસ ઉજવાય છે



સોવિયેટ સંઘના અત્યંત મહત્ત્વના પરમાણુ પરીક્ષણ સ્થળ સેમીપલાતિન્સ્કને 29 ઓગસ્ટ, 1991ના રોજ બંધ કરવામાં આવ્યું હતું.


- આથી આ દિવસની યાદમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આતંરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સેમીપલાતિન્સ્ક પરમાણુ પરીક્ષણ કેન્દ્રમાંથી સોવિયેટ સંઘે 1949થી 1989 સુધીમાં આશરે 456 જેટલા પરમાણુ પરીક્ષણો કર્યા હતા.

## રાષ્ટ્રીય રમત દિન

ભારતમાં દર વર્ષે 29 ઓગસ્ટ, રાષ્ટ્રીય રમત દિન તરીકે ઉજવાય છે.

- ભારતમાં 'હોકીના જાદુગર' શ્રી મેજર ધ્યાનચંદની યાદમાં તેમનો જન્મ દિન ભારતમાં રાષ્ટ્રીય રમત દિન તરીકે ઉજવાય છે.
- શ્રી મેજર ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905ના રોજ અલાહાબાદ ખાતે થયો હતો.
- તેઓ 'The Wizard of hockey' તથા 'The Magician of hockey' ના ઉપનામથી પ્રસિદ્ધ હતા.
- તેમણે 1928, 1934 અને 1936માં ભારતને ઓલિમ્પિકમાં કુલ ત્રણ ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.
- તેમની 1926થી 1948 સુધીની કારકિર્દીમાં તેમણે હોકીમાં 400 ગોલ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ 'નેશનલ સ્પોર્ટ્સ ડે' નિમિત્તે ભારતમાં 'Fit India Movement' લોન્ચ

29 ઓગસ્ટ, 2019ના રોજ **'નેશનલ સ્પોર્ટ્સ ડે'** નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **નવી દિલ્હી**ના **ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ** ખાતેથી **'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'** લોન્ચ કરી છે.




- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ફિટનેસ તથા સ્વાસ્થ્ય અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- ભારતમાં **'સ્વચ્છતા અભિયાન'**ની તર્જ પર આ અભિયાન આગળ વધારવાની સરકારની યોજના છે.
- આ અભિયાન અંતર્ગત દેશની દરેક કોલેજ તથા યુનિવર્સિટીએ 15 દિવસીય ફિટનેસ પ્લાન તૈયાર કરીને પોતાના પોર્ટલ તથા વેબસાઈટ પર અપલોડ કરવાનો રહેશે.

## ➤ National Sports Award 2019 એનાયત

29 ઓગસ્ટ, 2019ને **'નેશનલ સ્પોર્ટ્સ ડે'**ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ભારતના વિવિધ ખેલાડીઓને **વર્ષ 2019**ના **'નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ'** એનાયત કર્યા છે.

- આ અંતર્ગત **શ્રી બજરંગ પુનિયા** અને **સુશ્રી દીપા મલિક**ને **વર્ષ 2019**ના **'રાજીવ ગાંધી ખેલરત્ન' પુરસ્કાર**થી સન્માનિત કરવામાં આવ્યા છે.
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે **2** ખેલાડીઓને **રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર**, **6** કોચને **દ્રોણાચાર્ય પુરસ્કાર**, **5** ખેલાડીઓને **મેજર ધ્યાનચંદ એવોર્ડ** અને **19** ખેલાડીઓને **અર્જુન એવોર્ડ** એનાયત થયો છે.

**રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ 2019**

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી બજરંગ પુનિયા | રેસલિંગ (કુસ્તી) | હરિયાણા |
| 2 | સુશ્રી દીપા મલિક | પેરા એથ્લેટિક્સ (ગોળા ફેંક) | હરિયાણા |

**દ્રોણાચાર્ય એવોર્ડ 2019**

| ક્રમ | કોચનું નામ | રમત-વિશેષતા |
|---|---|---|
| 1 | શ્રી વિમલ કુમાર | બેડમિન્ટન |
| 2 | શ્રી સંદીપ ગુપ્તા | ટેબલ ટેનિસ |
| 3 | શ્રી મોહિન્દર સિંઘ ધિલ્લોન | એથ્લેટિક્સ |
| 4 | શ્રી મેર્ઝબાન પટેલ | હોકી (લાઈફ ટાઈમ) |
| 5 | શ્રી રામબિર સિંઘ ખોખર | કબડ્ડી (લાઈફ ટાઈમ) |
| 6 | શ્રી સંજય ભારદ્વાજ | ક્રિકેટ (લાઈફ ટાઈમ) |



## ધ્યાનચંદ એવોર્ડ 2019

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી મેન્યુઅલ ફ્રેડરિક્સ | હોકી | કેરળ |
| 2 | શ્રી અરુપ બાસક | ટેબલ ટેનિસ | – |
| 3 | શ્રી મનોજ કુમાર | રેસલિંગ (કુસ્તી) | હરિયાણા |
| 4 | શ્રી નિત્તેન કિર્તેન | ટેનિસ | મહારાષ્ટ્ર |
| 5 | શ્રી સી. લાલરેમસંગા | તિરંદાજી | મિઝોરમ |

## અર્જુન એવોર્ડ 2019

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી તાજિન્દરપાલ સિંઘ તૂર | એથ્લેટિક્સ (ગોળાફેંક) | પંજાબ |
| 2 | શ્રી મોહમ્મદ અનસ | એથ્લેટિક્સ (દોડ) | કેરળ |
| 3 | સુશ્રી સ્વપ્ના બર્મન | એથ્લેટિક્સ (ભાલાફેંક) | પશ્ચિમ બંગાળ |
| 4 | શ્રી બી. સાઈ પ્રણીથ | બેડમિન્ટન | આંધ્રપ્રદેશ |
| 5 | શ્રી એસ. ભાસ્કરન | બોડી બિલ્ડિંગ | તમિલનાડુ |
| 6 | સુશ્રી સોનિયા લાઠેર | બોક્સીંગ | હરિયાણા |
| 7 | શ્રી રવિન્દ્ર જાડેજા | ક્રિકેટ | ગુજરાત |
| 8 | સુશ્રી પૂનમ યાદવ | ક્રિકેટ | ઉત્તરપ્રદેશ |
| 9 | શ્રી ફૌઆદ મિર્ઝા | અશ્વારોહણ | કર્ણાટક |
| 10 | શ્રી ગુરપ્રીત સિંઘ સંધુ | ફૂટબોલ | પંજાબ |
| 11 | શ્રી ચિંગ્લેન્સના સિંઘ કંગુજમ | હોકી | મણિપુર |
| 12 | શ્રી અજય ઠાકુર | કબડ્ડી | હિમાચલપ્રદેશ |
| 13 | શ્રી ગૌરવ સિંઘ ગિલ | મોટર સ્પોર્ટ્સ | દિલ્હી |
| 14 | શ્રી સિમરન સિંઘ શેરગિલ | પોલો | દિલ્હી |
| 15 | સુશ્રી અંજુમ મુદ્દગિલ | શૂટિંગ | (જન્મ : ચંદીગઢ) |
| 16 | શ્રી હરમીત દેસાઈ | ટેબલ ટેનિસ | ગુજરાત |
| 17 | સુશ્રી પૂજા ધન્દા | રેસલિંગ (કુસ્તી) | હરિયાણા |
| 18 | શ્રી સુંદર સિંઘ ગુર્જર | પેરા એથ્લેટિક્સ (ભાલાફેંક) | રાજસ્થાન |
| 19 | શ્રી પ્રમોદ ભગત | પેરા બેડમિન્ટન | ઓડિશા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ 2018





ઉપરોક્ત એવોર્ડ ઉપરાંત રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** **અપ્રતિમ સાહસ બદલ** **સુશ્રી અપર્ણા કુમાર** (પર્વતારોહક), **શ્રી દિપાંકર ઘોષ** (પર્વતારોહક) **મરણોત્તર** એવોર્ડ, **શ્રી મણિકંદન કે.** (પેરા-ક્લાઈમ્બિંગ), **શ્રી પ્રભાત રાજુ કોલી** (દરિયાઈ સ્વિમિંગ), **શ્રી રામેશ્વર જાન્ગરા** (સ્કાય ડાઈવિંગ) તથા **સુબેદાર મેજર વાંગચુક શેરપા** (પર્વતારોહક) એમ કુલ **6** વ્યક્તિઓને **તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ**થી સન્માનિત કર્યા છે.

## મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી 2019



ભારતમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે બેસ્ટ ઓલરાઉન્ડ પર્ફોર્મન્સ કરનાર **યુનિવર્સિટી**ને આ ટ્રોફી એનાયત થાય છે.

- વર્ષ **1956-57**માં શરૂ થયેલી આ ટ્રોફી વિજેતા યુનિવર્સિટીને **રૂ. 15 લાખ** રોકડા, એક પ્રતિમા અને રોલિંગ ટ્રોફી એનાયત કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ **2019**માં **ચંદીગઢ** ખાતે આવેલી **પંજાબ યુનિવર્સિટી**ને આ ટ્રોફી એનાયત કરવામાં આવી છે.

**નોંધ :** (1) સામાન્ય રીતે ભારતમાં **29 ઓગસ્ટને** **'નેશનલ સ્પોર્ટ્સ ડે'**ના દિવસે **નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ** એનાયત કરવામાં આવે છે.

(2) **'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ'** એ **રમત-ગમત** ક્ષેત્રનો **ભારતનો સર્વોચ્ચ એવોર્ડ** છે.

(3) આ એવોર્ડ વિજેતા ખેલાડીને **એક મેડલ**, **સર્ટિફિકેટ** અને **રૂા. 7.5 લાખ કેસ** ઈનામ તરીકે આપવામાં આવે છે.

(4) રાજીવ ગાંધી ખેલ રત્નનો પ્રારંભ **1991-92**થી થયો હતો.

(5) **1991-1992**માં સૌપ્રથમ **વિશ્વનાથન આનંદને** (ચેસ) **'રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર'** એનાયત થયો હતો.

(6) **ધ્યાન ચંદ એવોર્ડ** એ ભારતમાં ખેલાડીઓને **રમત-ગમત** ક્ષેત્રે અપાતો **લાઈફટાઈમ અચિવમેન્ટ** પુરસ્કાર છે.

(7) ભારતમાં અપ્રતિમ સાહસ માટે **'તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક કાર્ય એવોર્ડ'** એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર **ભૂ સાહસિક કાર્ય**, **જળ એડવેન્ચર**, **વાયુ રોમાંચ** અને **જીવન પર્યંત ઉપલબ્ધિ** એમ ચાર શ્રેણીઓમાં આપવામાં આવે છે.

## ICE Questions

1. 'પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ **(C)**

2. ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય રમત દિન' અથવા તો 'નેશનલ સ્પોર્ટ્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ **(C)**

3. ભારતમાં કોનો જન્મ દિન 29 ઓગસ્ટ 'રાષ્ટ્રીય રમત દિન' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી રણજીત સિંહ (B) શ્રી અજીત વાડેકર
(C) શ્રી અમનદીપ સિંહ (D) મેજર ધ્યાનચંદ **(D)**

4. 'હોકીના જાદુગર' તરીકે પ્રસિદ્ધ મેજર ધ્યાનચંદનો જન્મ ક્યાં થયો હતો ?
(A) ભોપાલ (B) અલાહાબાદ (C) મુંબઈ (D) પટના **(B)**

5. મેજર ધ્યાનચંદે ભારતને ઓલિમ્પિકમાં કુલ કેટલા મેડલ અપાવ્યા હતા ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(C)**

6. 29 ઓગસ્ટ, 2019ને 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ માટે કઈ મૂવમેન્ટ અથવા તો કયું અભિયાન લોન્ચ કર્યું છે ?
(A) ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ (B) રન ઈન્ડિયા મૂવમેન્ટ
(C) હેલ્ધી ઈન્ડિયા મૂવમેન્ટ (D) ફિટ એન્ડ હેલ્ધી ઈન્ડિયા મૂવમેન્ટ **(A)**

7. 29 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' ક્યાંથી લોન્ચ કરી છે ?
(A) રાજીવ ગાંધી સ્ટેડિયમ, દિલ્હી (B) અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી
(C) ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ, દિલ્હી (D) જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ, દિલ્હી **(C)**

8. વર્ષ 2019નો 'રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર' કોને એનાયત થયો છે ?
(A) શ્રી બજરંગ પુનિયા અને સુશ્રી હિમા દાસ (B) શ્રી બજરંગ પુનિયા અને સુશ્રી મીરાબાઈ ચાનૂ
(C) શ્રી બજરંગ પુનિયા અને સુશ્રી દીપા મલિક (D) શ્રી બજરંગ પુનિયા અને સુશ્રી પૂનમ યાદવ **(C)**

9. વર્ષ 2019માં કુલ કેટલા કોચને દ્રોણાચાર્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) 4 (B) 6 (C) 8 (D) 10 **(B)**

10. વર્ષ 2019માં કેટલા ખેલાડીઓને ધ્યાનચંદ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 **(C)**

11. વર્ષ 2019માં કુલ કેટલા ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) 16 (B) 17 (C) 19 (D) 20 **(C)**

12. વર્ષ 2019માં અર્જુન એવોર્ડ વિજેતા ગુજરાતી ખેલાડીઓમાં નીચેનામાંથી કયા ખેલાડીઓનો સમાવેશ થાય છે ?
(A) શ્રી રવિન્દ્ર જાડેજા અને શ્રી હાર્દિક પંડ્યા (B) શ્રી રવિન્દ્ર જાડેજા અને શ્રી જશપ્રીત બુમરાહ
(C) શ્રી રવિન્દ્ર જાડેજા અને શ્રી માનુષ શાહ (D) શ્રી રવિન્દ્ર જાડેજા અને શ્રી હરમીત દેસાઈ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મેળવનાર સુરતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી માનુષ શાહ (B) સુશ્રી અંકિતા રૈના
(C) શ્રી હરમીત દેસાઈ (D) શ્રી દેવ પટેલ
**(C)**

14. વર્ષ 2019માં અર્જુન એવોર્ડ વિજેતા મહિલા ક્રિકેટરનું નામ શું છે ?
(A) સુશ્રી મિતાલી રાજ (B) સુશ્રી પૂનમ યાદવ
(C) સુશ્રી સ્મૃતિ માંધાના (D) સુશ્રી ઝૂલન ગોસ્વામી
**(B)**

15. વર્ષ 2019માં અર્જુન એવોર્ડ વિજેતા મહિલાઓ અને તેમની રમતની જોડમાંથી નીચેનામાંથી કઈ જોડી સાચી નથી ?
(A) સુશ્રી સ્વપ્ના બર્મન – ભાલાફેંક (એથ્લેટિક્સ) (B) સુશ્રી પૂનમ યાદવ – ક્રિકેટ
(C) સુશ્રી દીપા મલિક – ગોળાફેંક (પેરા એથ્લેટિક્સ) (D) સુશ્રી પૂજા ધન્દા – ટેબલ ટેનિસ
**(D)**

16. તાજેતરમાં એવોર્ડ વિજેતા ખેલાડીઓ અને તેમના રાજ્યના સંદર્ભમાં નીચેનામાંથી કઈ એક જોડી સાચી નથી ?
(A) શ્રી બજરંગ પુનિયા – હરિયાણા (B) સુશ્રી દીપા મલિક – હરિયાણા
(C) શ્રી બી. સાઈ પ્રણીથ – તમિલનાડુ (D) શ્રી એસ. ભાસ્કરન – તમિલનાડુ
**(C)**

17. ખેલાડીઓ અને તેમના રાજ્યના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડી સાચી નથી ?
(A) શ્રી ફૈઆદ મિર્ઝા – ઉત્તરપ્રદેશ (B) શ્રી ચિંગ્લેન્સના સિંઘ કંગુજમ – મણિપુર
(C) શ્રી સુંદર સિંઘ ગુર્જર – રાજસ્થાન (D) શ્રી પ્રમોદ ભગત – ઓડિશા
**(A)**

18. ભારતમાં રમત-ગમત ક્ષેત્રે અપાતા સર્વોચ્ચ પુરસ્કારનું નામ શું છે ?
(A) જવાહરલાલ નહેરુ ખેલ રત્ન પુરસ્કાર (B) ઈન્દિરા ગાંધી ખેલ રત્ન પુરસ્કાર
(C) રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર (D) સુભાષચંદ્ર બોઝ ખેલ રત્ન પુરસ્કાર
**(C)**

19. ભારતમાં એડવેન્ચર માટે અપાતા ખેલ પુરસ્કારનું નામ શું છે ?
(A) તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ (B) તેનઝિંગ રામ્ચે નેશનલ એડવેન્ચર એવોર્ડ
(C) તેનઝિંગ રોને નેશનલ એડવેન્ચર એવોર્ડ (D) તેનઝિંગ ઝામ્વે નેશનલ એડવેન્ચર એવોર્ડ
**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 30 AUGUST, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 30 ઓગસ્ટ, International Day of the Disappeared (ગાયબ થઈ ગયેલા લોકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)

### ➤ આગામી 3 વર્ષમાં ભારતમાં 75 નવી મેડિકલ કોલેજો સ્થપાશે

28 ઓગસ્ટ, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતમાં **ત્રીજા ચરણ**માં આગામી **ત્રણ વર્ષમાં 75 નવી મેડિકલ કોલેજો** સ્થપાશે.



- આ અગાઉ ભારતમાં **પ્રથમ ચરણ**માં 58 નવી મેડિકલ કોલેજો અને **બીજા ચરણ**માં 24 નવી મેડિકલ કોલેજોની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી હતી.
- આ માટે રૂ.24,375 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.
- ભારતમાં જે વિસ્તારોમાં મેડિકલ કોલેજોનો અભાવ છે તેવા વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

- મેડિકલ કોલેજથી વંચિત 200 બેડની સુવિધાવાળી જિલ્લા હોસ્પિટલમાં આ નવી મેડિકલ કોલેજની સ્થાપના થશે.
- તેમાંયે આકાંક્ષી જિલ્લાઓ અને 300 બેડવાળી જિલ્લા હોસ્પિટલોને પ્રાથમિકતા આપવામાં આવશે.
- ત્રણેય ચરણની તમામ મેડિકલ કોલેજોની સ્થાપનાથી ભારતમાં MBBSની 15,700 નવી બેઠકોનો વધારો થશે.

## ➤ કોલ માઈનિંગ તથા કોન્ટ્રાક્ટ મેન્યુફેકચરિંગમાં 100 ટકા FDIને મંજૂરી




28 ઓગસ્ટ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં FDIમાં આ પ્રમાણે મંજૂરી આપવામાં આવી છે :

(1) કોલ મઈનિંગમાં 100 ટકા FDIને મંજૂરી

(2) કોન્ટ્રાકટ મેન્યુફેકચરિંગમાં 100 ટકા FDIને મંજૂરી

(3) ડિજિટલ મીડિયામાં 26 ટકા FDIને મંજૂરી

ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment)ને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

- ભારતમાં વર્ષ 2014-15થી 2018-19 દરમિયાન કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) 286 બિલિયન ડોલર થયું હતું. જે એ અગાઉના પાંચ વર્ષ કરતા વધારે છે.
- આ ઉપરાંત નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતમાં કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણ અંદાજિત 64.37 બિલિયન ડોલર થયું હતું. જે ભારતમાં કોઈ એક નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલું અત્યાર સુધીનું સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. સમગ્ર વિશ્વમાં 'ગાયબ થઈ ગયેલા લોકો માટેના આંતરરાષ્ટ્રીય દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 28 ઓગસ્ટ (B) 29 ઓગસ્ટ (C) 30 ઓગસ્ટ (D) 31 ઓગસ્ટ — (C)

2. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારતમાં આગામી ત્રણ વર્ષમાં કેટલી નવી મેડિકલ કોલેજોની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) 75 (B) 85 (C) 95 (D) 105 — (A)

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં નીચેનામાંથી કયા ક્ષેત્રમાં 100 ટકા FDIને મંજૂરી આપી છે ?
(A) કોલ માઈનિંગ (B) કોન્ટ્રાકટ મેન્યુફેકચરિંગ (C) Aઅને B બંને (D) ત્રણમાંથી કોઈ નહી — (C)

4. કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારતમાં ડિજિટલ મીડિયામાં કેટલા ટકા FDIને મંજૂરી આપી છે ?
(A) 25 ટકા (B) 26 ટકા (C) 50 ટકા (D) 100 ટકા — (B)

5. ભારતમાં નીચેનામાંથી કયા નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) 2003-04 (B) 2011-12 (C) 2016-17 (D) 2018-19 — (D)

6. નાણાકીય વર્ષ 2018-19માં ભારતમાં કેટલા બિલિયન ડોલર અથવા તો કેટલા અબજ ડોલર પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) 50.37 (B) 54.37 (C) 64.37 (D) 74.37 — (C)

## 31 AUGUST, 2019 SATURDAY

### ➤ ભારતમાં 10 સરકારી બેન્કોનું મર્જર કરી ચાર મોટી બેન્કોની રચના કરવામાં આવશે




ભારતના નાણામંત્રી **શ્રીમતી નિર્મલા સિતારામને** કરેલી જાહેરાત અનુસાર ભારતમાં **10 રાષ્ટ્રીયકૃત બેન્કોનું વિલીનીકરણ** કરીને **ચાર મેગા બેન્કો**ની રચના કરવામાં આવશે. આ અંતર્ગત –

**મર્જર - 1**

(1) **પંજાબ નેશનલ બેન્ક** સાથે **ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ** અને **યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયાનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂ.17.95 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની **જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેન્ક** બનશે. ®
- 11,437 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું **બીજા નંબરનું** સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

**મર્જર - 2**

(2) **કેનેરા બેન્ક સાથે સીન્ડિકેટ બેન્કનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂ.15.20 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની જાહેર ક્ષેત્રની **ચોથી સૌથી મોટી બેન્ક** બનશે.
- 10,342 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું **ત્રીજા** નંબરનું સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**મર્જર - 3**

(3) **યુનિયન બેન્ક** સાથે **આંધ્ર બેન્ક** અને **કોર્પોરેશન બેન્કનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂ.14.59 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની **જાહેર ક્ષેત્રની પાંચમી સૌથી મોટી બેન્ક** બનશે.
- 9,609 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું **ચોથા** નંબરનું સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

**મર્જર - 4**

(4) **ઈન્ડિયન બેન્ક** સાથે **અલાહાબાદ બેન્કનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂ.8.08 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની **સાતમા નંબરની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્ક** બનશે.

**ભારતમાં જાહેર ક્ષેત્રની 10 બેન્કોનું મર્જર**

| ક્રમ | કઈ બેન્કમાં | કઈ બેન્કનું મર્જર થશે ? | બિઝનેસ સાઈઝ | નવી બેન્ક જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્ક બનશે? |
|---|---|---|---|---|
| 1 | Punjab National Bank | Oriental Bank of Commerce | રૂ. 17.95 લાખ કરોડ | બીજી |
| | | United Bank of India | | |
| 2 | Canara Bank | Syndicate Bank | રૂ. 15.20 લાખ કરોડ | ચોથી |
| 3 | Union Bank of India | Andhra Bank | રૂ. 14.59 લાખ કરોડ | પાંચમી |
| | | Corporation Bank | | |
| 4 | Indian Bank | Allahabad Bank | રૂ. 8.08 લાખ કરોડ | સાતમી |

**નોંધ :** (1) રૂ. 52.05 લાખ કરોડના બિઝનેસ સાથે SBI ભારતની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્ક છે.

(2) જ્યારે ઉપરોક્ત મર્જર બાદ રૂ. 16.13 લાખ કરોડનો બિઝનેસ ધરાવતી Bank of Baroda ભારતની જાહેર ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેન્ક બની જશે.

(3) આ ઉપરાંત ઉપરોક્ત મર્જર બાદ રૂ. 9.03 લાખ કરોડનો બિઝનેસ ધરાવતી Bank of India ભારતની જાહેર ક્ષેત્રની છઠ્ઠી સૌથી મોટી બેન્ક બની જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ભારતમાં તાજેતરમાં થયેલું બેન્કોનું વિલીનીકરણ**

ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ અગાઉ બે વખત સરકારી બેન્કોનું વિલીનીકરણ કરવામાં આવ્યું છે. જેમાં –

(1) એપ્રિલ 2017માં SBIની પાંચ સહયોગી બેન્ક તથા ભારતીય મહિલા બેન્કના SBIમાં વિલીનીકરણ તથા

(2) એપ્રિલ 2019માં દેના બેન્ક અને વિજયા બેન્કના બેન્ક ઓફ બરોડામાં વિલીનીકરણનો સમાવેશ થાય છે.

## ➤ નાણાકીય વર્ષ 2019-20ના પહેલા ત્રિમાસિકમાં ભારતનો GDP વૃદ્ધિ દર 5%




CSO દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર **એપ્રિલથી જૂન 2019** સુધીના નાણાકીય વર્ષ 2019-20ના ભારતના **પહેલા ત્રિમાસિક** ગાળા દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5 ટકા રહેવાનો અંદાજ છે.

- જે ભારતનો છેલ્લા છ વર્ષનો સૌથી ઓછો GDP વૃદ્ધિ દર છે.
- આ અગાઉ નાણાકીય વર્ષ 2018-19ના અંતિમ ત્રિમાસિકમાં એટલે કે જાન્યુઆરીથી માર્ચ 2019 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર 5.8 ટકા નોંધાયો હતો.
- જ્યારે નાણાકીય વર્ષ 2018-19ના એપ્રિલથી જૂન 2018 સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર 8 ટકા નોંધાયો હતો.

## GDP વૃદ્ધિ દરમાં ઘટાડાનું કારણ

ભારતમાં <u>મેન્યુફેક્ચરિંગ</u> અને <u>એગ્રીકલ્ચર સેક્ટર</u>ના નબળા પ્રદર્શનને કારણે GDP વૃદ્ધિ દરમાં આ ઘટાડો જોવા મળ્યો છે.

- <u>એપ્રિલથી જૂન 2019</u> દરમિયાન ભારતમાં <u>મેન્યુફેક્ચરિંગ</u> સેક્ટરમાં માત્ર <u>0.6 ટકા</u> જ વૃદ્ધિ દર નોંધાયો છે.
- જ્યારે એ સમયગાળા દરમિયાન <u>કૃષિ, ફોરેસ્ટ્રી અને ફિશિંગ</u> સેક્ટરમાં ફક્ત <u>2 ટકા</u> વૃદ્ધિ દર નોંધાયો છે.
- ભારતમાં ઘટી રહેલી ગ્રાહક માગ અને ખાનગી રોકાણને કારણે તમામ સેક્ટરો પર વિપરિત અસર થઈ છે.

**નોંધ :** (1) <u>એપ્રિલથી જૂન 2019</u> દરમિયાન <u>ચીન</u>નો GDP વૃદ્ધિ દર <u>6.2 ટકા</u> રહ્યો હતો.

(2) જ્યારે આ સમયગાળા દરમિયાન <u>ભારત</u>નો GDP વૃદ્ધિ દર <u>5 ટકા</u> નોંધાયો છે. આથી ભારતે સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્ર તરીકેનો દરજ્જો ગુમાવી દીધો છે.

## CSO

<u>CSOનું</u> પૂરું નામ <u>Central Statistics Office</u> છે.

- આ સંસ્થા ભારતમાં આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન અને ભારતમાં આંકડાકીય માહિતીની જાળવણી તથા આંકળાકીય ધોરણો વિકસાવવાનું કાર્ય કરે છે.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- આ સંસ્થા ભારત સરકારના <u>Statistics and Programme Implementation (આંકડા અને કાર્યક્રમ અમલીકરણ)</u> મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ભારતની જાહેર ક્ષેત્રની કેટલી બેન્કોના મર્જરથી ભારતમાં નવી ચાર મોટી બેન્કોની રચનાની જાહેરાત કરી છે ?
   (A) 8 (B) 10 (C) 11 (D) 12 **(B)**

2. શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારતમાં Punjab National Bank સાથે કઈ બેન્કોના મર્જરથી ભારતની જાહેર ક્ષેત્રની બીજા નંબરની સૌથી મોટી બેન્કની રચના કરવામાં આવશે ?
   (A) Oriental Bank of Commerce અને United Bank of India
   (B) Canara Bank અને Syndicate Bank
   (C) Andhra Bank અને Corporation Bank
   (D) Oriental Bank of Commerce અને Allahabad Bank **(A)**

| | | |
|---|---|---|
| 3. | શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ભારતમાં Canara Bank સાથે કઈ બેન્કના વિલીનીકરણની જાહેરાત કરી છે ?<br>(A) Andhra Bank (B) Allahabad Bank<br>(C) Syndicate Bank (D) Corporation Bank | (C) |
| 4. | શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ભારતમાં Union Bank of India સાથે કઈ બેન્કના મર્જરની જાહેરાત કરી છે ?<br>(A) Oriental Bank of Commerce અને United Bank of India<br>(B) Canara Bank અને Syndicate Bank<br>(C) Andhra Bank અને Corporation Bank<br>(D) Oriental Bank of Commerce અને Allahabad Bank | (C) |
| 5. | શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ભારતમાં Indian Bank સાથે કઈ બેન્કના મર્જરની જાહેરાત કરી છે ?<br>(A) Andhra Bank (B) Allahabad Bank<br>(C) Syndicate Bank (D) Corporation Bank | (B) |
| 6. | શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર પંજાબ નેશનલ બેન્ક, ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ અને યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયાના મર્જરથી ભારતમાં જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્કની રચના થશે?<br>(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી | (A) |
| 7. | શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર કેનેરા બેન્ક અને સીન્ડિકેટ બેન્કના મર્જરથી ભારતમાં જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્કની રચના થશે ?<br>(A) ચોથી (B) પાંચમી (C) છઠ્ઠી (D) સાતમી | (A) |
| 8. | નાણાકીય વર્ષ 2019-20ના એપ્રિલથી જૂન 2019 સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો છે ?<br>(A) 5 ટકા (B) 5.8 ટકા (C) 6 ટકા (D) 6.2 ટકા | (A) |
| 9. | નાણાકીય વર્ષ 2018-19ના એપ્રિલથી જૂન 2018 સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો હતો ?<br>(A) 6.5 ટકા (B) 6.8 ટકા (C) 7.8 ટકા (D) 8.0 ટકા | (D) |
| 10. | ભારતમાં નાણાકીય વર્ષ 2018-19ના જાન્યુઆરીથી માર્ચ 2019 સુધીના અંતિમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો હતો ?<br>(A) 5.8 ટકા (B) 6.0 ટકા (C) 6.2 ટકા (D) 7.2 ટકા | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સાબરકાંઠાના પોળોના જંગલમાં ચાર કે તેથી વધુ પૈડાંવાળા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે આવેલા પ્રસિદ્ધ વીક એન્ડ ડેસ્ટીનેશન પોળોના જંગલમાં ચાર કે તેથી વધુ પૈડાંવાળા વાહનોના પ્રવેશ પર સાબરકાંઠા કલેક્ટરે પ્રતિબંધ ફરમાવ્યો છે. આડેધડ પાર્કિંગને કારણે થતા ટ્રાફિક જામ અને ઘોંઘાટ પ્રદૂષણથી વન્ય જીવો, નૈસર્ગિકતાને અસર ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### ➤ ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવાના 12 વર્ષ પૂર્ણ

29 ઓગસ્ટ, 2007ના રોજ 53 જેટલી એમ્બ્યુલન્સથી ગુજરાતમાં 108 સેવાનો પ્રારંભ થયો હતો. એ સમયે ગુજરાત આવી સેવા શરૂ કરનાર ભારતનું બીજું રાજ્ય હતું. આજે ગુજરાતમાં આશરે 580થી વધુ એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ સેવાને તાજેતરમાં 12 વર્ષ પૂર્ણ થયા છે.

### ➤ અમદાવાદના સુશ્રી ઈલાવેનિલ વાલારિવને ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો

તાજેતરમાં બ્રાઝિલના રિયો ડિ જાનેરો ખાતે યોજાયેલી ISSF શૂટિંગ વર્લ્ડ કપની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં તમિલનાડુમાં જન્મેલા અને ગુજરાતના અમદાવાદમાં સ્થાયી થયેલા યુવા શૂટર સુશ્રી ઈલાવેનિલ વાલારિવને ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સાથે જ સુશ્રી ઈલાવેનિલ વાલારિવન ISSF વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતનારા ભારતના ત્રીજા મહિલા બની ગયા છે.

## ભારત

### ➤ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતનો પ્રથમ વિજય

તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતનો 318 રનના માર્જિનથી વિજય થયો છે. જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતનો પ્રથમ વિજય છે. આ ઉપરાંત 318 રનના માર્જિનથી થયેલો આ વિજય વિદેશની ધરતી પર ભારતનો આ હાઈએસ્ટ માર્જિનથી થયેલો વિજય છે. એન્ટીગુઆ ખાતે આવેલા સર વિવિયન રિચાર્ડ્સ સ્ટેડિયમ પર રમાયેલી આ મેચમાં ભારતના શ્રી અજિંક્ય રહાણે 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી 2 ઓક્ટોબરથી ભારતમાં 6 પ્રકારના સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકાશે

ભારતમાં 2 ઓક્ટોબર, 2019ને ગાંધી જયંતીના રોજ વિશ્વમાં સૌથી વધુ પ્રદૂષિત ગણાતી પ્લાસ્ટિકની 6 પ્રોડક્ટ પર કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવશે. આ છ પ્રોડક્ટમાં પ્લાસ્ટિક બેગ્સ, કપ્સ, પ્લેટ્સ, નાની બોટલ્સ, સ્ટ્રો અને કેટલાક સેશેનો સમાવેશ થાય છે. ફક્ત એક વખત ઉપયોગમાં લીધા પછી ફેંકી દેવામાં આવતી પ્લાસ્ટિકની પ્રોડક્ટ સિંગલ યૂઝ પ્લાસ્ટિક તરીકે ઓળખાય છે.

## ➤ કેન્દ્રીય મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ મુંબઈ ખાતેથી પ્રોજેક્ટ SU.RE લોન્ચ કર્યો

તાજેતરમાં ભારતના કેન્દ્ર સરકારના કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ મુંબઈ ખાતેથી પ્રોજેક્ટ SU.RE લોન્ચ કર્યો છે. ભારતમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા કચરાના વ્યવસ્થાપન તથા જળ વ્યવસ્થાપનમાં કુશળતા માટે કાપડ ઉદ્યોગ દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત કાર્ય કરવામાં આવશે. આ માટે ભારતના અનેક પ્રસિદ્ધ ફેશન બ્રાન્ડ અને રિટેલ બ્રાન્ડે હસ્તાક્ષર કર્યા છે. ભારતમાં કાપડ ઉદ્યોગ દ્વારા શરૂ કરવામાં આવેલો આ પ્રકારનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ SU.REનું પૂરું નામ 'Sustainable Resolution' છે.

## ➤ ભારતના પ્રથમ મહિલા DGP સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્યનું નિધન

તાજેતરમાં 26 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના પ્રથમ મહિલા DGP (Director General of Police) સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્યનું મુંબઈ ખાતે નિધન થયું છે. હિમાચલપ્રદેશમાં જન્મેલા સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્યની જ્યારે ઉત્તરાખંડના DGP તરીકે નિમણૂક કરવામાં આવી ત્યારે તેઓ ભારતના પ્રથમ મહિલા DGP બન્યા હતા. આ ઉપરાંત સુશ્રી કિરણ બેદી બાદ તેઓ ભારતના બીજા મહિલા IPS હતા. તથા તેઓ ઉત્તરપ્રદેશ કેડરના પ્રથમ મહિલા IPS હતા. 1980ના દાયકામાં તેમના જીવન પર 'ઉડાન' નામની પ્રસિદ્ધ ટીવી સીરિયલ દૂરદર્શન પર શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતીય વાયુસેનાના સુશ્રી શાલિજા ધામી ભારતના પ્રથમ મહિલા ફ્લાઈટ કમાન્ડર બન્યા

ભારતીય વાયુસેનાના સુશ્રી શાલિજા ધામીએ તાજેતરમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદના હિંડન એરબેઝમાં ચેતક હેલિકોપ્ટરના યુનિટના ફ્લાઈટ કમાન્ડર તરીકેની કામગીરી સંભાળી છે. આ સાથે જ સુશ્રી શાલિજા ધામી ભારતના પ્રથમ મહિલા ફ્લાઈટ કમાન્ડર બની ગયા છે. ફ્લાઈટ કમાન્ડર યુનિટમાં કમાન્ડિંગ ઓફિસર બાદ ફ્લાઈટ કમાન્ડરનું પદ બીજા નંબરનું સૌથી મોટું પદ હોય છે. સુશ્રી શાલિજા ધામીનો જન્મ પંજાબના લુધિયાણા ખાતે થયો હતો.

## ➤ મોહન બાગાનને પરાજય આપીને ગોકુલમ કેરાલાનો ડુરંડ કપ 2019માં વિજય

તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ફૂટબોલની રમતની ટુર્નામેન્ટ ડુરંડ કપ 2019નું આયોજન થયું હતું. જેમાં મોહન બાગાનને પરાજય આપીને ગોકુલમ કેરાલાની ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે. ડુરંડ કપ એ એશિયાની સૌથી જૂની અને વિશ્વની ત્રીજા નંબરની સૌથી જૂની ફૂટબોલ ટુર્નામેન્ટ છે. સર હેન્રી મોર્ટિમર ડુરાન્ડના નામથી ભારતમાં યોજાતી આ ટુર્નામેન્ટનો પ્રારંભ 1888થી થયો હતો.

# વિશ્વ

## ➤ માનવ ઈતિહાસમાં પ્રથમવાર અંતરિક્ષમાં અપરાધ નોંધાયો

અવકાશમાં તરતા **ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન (ISS)**માંથી તાજેતરમાં નાસાની મહિલા અવકાશયાત્રી **શ્રીમતી એની મેક્કલેને** પોતાના સમલૈંગિક પૂર્વ પતિનું બેન્ક એકાઉન્ટ હેક કર્યું હતું. શ્રીમતી એની મેક્કલેને સ્પેશ સ્ટેશનમાં રોકાણ દરમિયાન આકાશમાં બેઠા બેઠા જ આ ગુનો કર્યો હોવાથી તેને માનવ ઈતિહાસમાં **અંતરિક્ષમાં થયેલો પ્રથમ અપરાધ** માનવામાં આવે છે.

## ICE Questions

- ➤ તાજેતરમાં પોળોના જંગલમાં ચાર કે તેથી વધુ પૈડાંવાળા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે...આ જંગલ ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ? – સાબરકાંઠા
- ➤ ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવાના તાજેતરમાં કેટલા વર્ષ પૂરા થયા છે ? – 12
- ➤ ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ ક્યારથી થયો હતો ? – 29 ઓગસ્ટ, 2007
- ➤ તાજેતરમાં ગુજરાતના અમદાવાદમાં સ્થાયી થયેલા કયા મહિલા ખેલાડી ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતીને આ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના ત્રીજા મહિલા ખેલાડી બની ગયા છે ? – સુશ્રી ઈલાવેનિલ વાલારિવન
- ➤ તાજેતરમાં ગુજરાતના અમદાવાદમાં સ્થાયી થયેલા સુશ્રી ઈલાવેનિલ વાલારિવને કઈ જગ્યાએ યોજાયેલી ISSF શૂટિંગ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ? – રિયો ડી જાનેરો (બ્રાઝિલ)
- ➤ તાજેતરમાં સુશ્રી ઈલાવેનિલ વાલારિવને શૂટિંગની કઈ ઈવેન્ટમાં ISSF વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ? – 10 મીટર એર રાઈફલ
- ➤ તાજેતરમાં કયા દેશને પરાજય આપીને ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પ્રથમ વિજય મેળવ્યો છે ? – વેસ્ટ ઈન્ડિઝ
- ➤ તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં 'મેન ઓફ ધ મેચ' વિજેતા ભારતીય ખેલાડીનું નામ શું છે ? – શ્રી અજિંક્ય રહાણે
- ➤ 2 ઓક્ટોબર, 2019ને ગાંધીજયંતીથી ભારતમાં કેટલા પ્રકારના સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવશે ? – 6
- ➤ ભારતમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા કાપડ ઉદ્યોગ દ્વારા તાજેતરમાં મુંબઈ ખાતેથી કયો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે ? – SU.RE
- ➤ કેન્દ્રીય કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ તાજેતરમાં મુંબઈ ખાતેથી લોન્ચ કરેલા SU.RE પ્રોજેક્ટનું પૂરું નામ શું છે ? – Sustainable Resolution
- ➤ ભારતના પ્રથમ મહિલા DGPનું નામ શું છે ? – સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્ય
- ➤ ભારતના પ્રથમ મહિલા DGP તરીકે સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્યની કયા રાજ્યમાં નિમણૂક કરવામાં આવી હતી? – ઉત્તરાખંડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

➤ ભારતના પ્રથમ મહિલા DGP સુશ્રી કંચન ચૌધરી ભટ્ટાચાર્યનું તાજેતરમાં મુંબઈ ખાતે નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ? – હિમાચલપ્રદેશ

➤ ભારતના પ્રથમ મહિલા ફલાઈટ કમાન્ડર તરીકે તાજેતરમાં કોણે કાર્યભાર સંભાળ્યો છે ? – સુશ્રી શાલિજા ધામી

➤ ભારતના પ્રથમ મહિલા ફલાઈટ કમાન્ડર સુશ્રી શાલિજા ધામીનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ? – પંજાબ(ના લુધિયાણામાં)

➤ નાસાના કયા મહિલા અવકાશયાત્રી પર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાંથી પોતાના પૂર્વ પતિનું બેન્ક એકાઉન્ટ હેક કરવાનો આરોપ છે ? – શ્રીમતી એની મેક્કલેને

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કર્યા બાદ પોતાનો નિવૃત્તિનો નિર્ણય બદલીને હવે ફરીથી IPLમાં રમવાની જાહેરાત કરી છે ? – શ્રી અંબાતી રાયડુ

2. તાજેતરમાં ભારતના કયા રાજ્યના રાજ્યપાલે એક ટી.બી. પીડીત બાળકીને દત્તક લીધા બાદ તે રાજ્યના રાજભવનના સ્ટાફે પણ 21 ટી.બી. પીડીત બાળકીઓને દત્તક લીધી છે ? – ઉત્તરપ્રદેશ(ના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે)

3. તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝના કયા ભૂતપૂર્વ બોલરે 85 વર્ષની વયે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – શ્રી સેસિલ રાઈટે

4. તાજેતરમાં યુ.એસ. ઓપન ટેનિસ ચેમ્પિયનશિપમાં રમાયેલી એક મેચમાં ગ્રાન્ડસ્લેમની પોતાની પદાર્પણ મેચના પ્રથમ સેટમાં ભારતના કયા ખેલાડીએ 20 ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતનાર સ્વિત્ઝર્લેન્ડના શ્રી રોજર ફેડરરને પરાજય આપ્યો હતો.... જોકે બાદમાં મેચના ચારમાંથી બાકીના ત્રણ સેટમાં તેમનો પરાજય થયો હતો ? – શ્રી સુમિત નાગલ

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી સુમિત નાગલ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ટેનિસ

6. તાજેતરમાં શ્રી સુમિત નાગલ કયા રાજ્યના ટેનિસ ખેલાડી છે ? – હરિયાણા

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં ભારતના કયા રાજ્યના મંત્રીમંડળમાં સૌપ્રથમ વખત ત્રણ નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવી છે ?

– કર્ણાટક

8. તાજેતરમાં ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનમાં મદદ માટે કયા દેશે પોતાનો રોબોટ મોકલ્યો છે ? – રશિયા

9. તાજેતરમાં ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન (ISS)માં મદદ માટે મોકલવામાં આવેલા રશિયાના રોબોટનું નામ શું છે ?

– **FEDOR**(ફેડોર)

10. તાજેતરમાં ચર્ચામાં રહેલા તથા માનવોની નકલ કરવામાં માહેર રશિયાના રોબોટ **FEDOR**નું પૂરું નામ શું છે ?

– **Final Experimental Demonstration Object Research**

11. તાજેતરમાં કયા દેશમાં ડ્રગ કાયદામાં કરવામાં આવેલા ફેરફારને કારણે તે દેશના નાગરિકો 1 ડિસેમ્બર 2019થી ભારત સહિત અન્ય દેશોની કેટલીક જેનરિક દવાઓ ખરીદી શકશે ? – ચીન

12. તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના રાજ્યપાલ શ્રી સત્યપાલ મલિકે આપેલી માહિતી અનુસાર આગામી બે મહિનામાં જમ્મુ–કાશ્મીર સરકારમાં કેટલી નવી નોકરીઓની ભરતીની જાહેરાત કરવામાં આવશે ? – **50,000**

13. તાજેતરમાં શ્રીલંકાના કયા જાદુઈ સ્પિનરે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે ?

– શ્રી અજન્તા મેન્ડિસ

14. તાજેતરમાં શ્રી અજન્તા મેન્ડિસે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે... તેઓ કયા દેશના ખેલાડી છે ?

– શ્રીલંકા

15. તાજેતરમાં **CBDT**ના ચેરમેન શ્રી પી.સી. મોદીને કેટલા વર્ષનું એકસટેન્શન આપવામાં આવ્યું છે ? – એક વર્ષ

16. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન પાકિસ્તાન દ્વારા કઈ પરમાણુ સક્ષમ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે ?

– ગઝનવી અથવા હફ્ત - **III** ગઝનવી

17. તાજેતરમાં પાકિસ્તાને ગઝનવી મિસાઈલનું પરીક્ષણ કર્યું છે..... તેની પ્રહાર ક્ષમતા કેટલા કિમી સુધીની છે ?

– **290**

18. તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીના 7મા પદવીદાન સમારોહમાં ભારતના ગૃહમંત્રી શ્રી અમિતશાહ ઉપસ્થિત રહ્યા હતા ? – પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી

19. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે વૃક્ષારોપણ કરી ગુજરાતના કયા શહેરના મિશન મિલિયન ટ્રી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરાવી છે ? – અમદાવાદ

20. ભારતમાં 2024 સુધીમાં ગામડાઓમાં ઘરે ઘરે પાઈપલાઈન દ્વારા માથાદીઠ 43થી 55 લિટર પાણી આપવા કયા કોષની રચના કરવામાં આવશે ? – રાષ્ટ્રીય જળજીવન કોષ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

21. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગરના રાયસણ ખાતે આવેલી પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના કેટલામા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી ? – સાતમા

22. તાજેતરમાં સુપ્રીમ કોર્ટની કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે કોના નામની ભલામણ કરી છે ? – શ્રી વિક્રમ નાથ

23. ભારતને કુપોષણ મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે શરૂ કરેલા 'રાષ્ટ્રીય પોષણ અભિયાન' અંતર્ગત ભારતમાં સમગ્ર દેશમાં કયા મહિનાને 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવામાં આવશે ? – સપ્ટેમ્બર

24. 1 સપ્ટેમ્બર, 2019થી ભારતમાં એક વર્ષમાં એક કરોડથી વધારે રોકડ રકમ ઉપાડવા પર કેટલા ટકા TDS કાપવામાં આવશે ? – 2 ટકા

25. ઈન્સ્ટિટયૂટ ઓફ એન્જિનિયર્સ (ઈન્ડિયા) દ્વારા તાજેતરમાં 'એમિનેન્ટ એન્જિનિયર એવોર્ડ 2019' માટે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી પ્રભાકર સિંહ

26. તાજેતરમાં અમેરિકાની કંપની ગૂગલે એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમનું કયું નવું વર્ઝન લોન્ચ કરવાની જાહેરાત કરી છે ? – એન્ડ્રોઈડ 10

27. તાજેતરમાં 27થી 29 ઓગસ્ટ 2019 દરમિયાન ભારતમાં કઈ જગ્યાએ 7મા કોમ્યુનિટી રેડિયો સમ્મેલન, 2019નું આયોજન થયું હતું ? – નવી દિલ્હી

28. ઈન્ડો–પેસિફિક ચીફસ ઓફ ડિફેન્સ કોન્ફરન્સ 2019નું આયોજન કયાં થશે ? – બેંગકોક (થાઈલેન્ડ)

29. તાજેતરમાં ભારતમાં કઈ જગ્યાએ પક્ષી વિષવિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે ?
– કોઈમ્બતૂર (અથવા તમિલનાડુના કોઈમ્બતૂર ખાતે આવેલા સલીમ અલી પક્ષી વિજ્ઞાન અને પ્રાકૃતિક વિજ્ઞાન કેન્દ્રમાં)

30. ભારતમાં નાગરિકોને જેનરિક દવાઓ તથા દુકાનો શોધવામાં સરળતા રહે તે માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ એપ લોન્ચ કરવામાં આવી છે ? – જન ઔષધિ સુગમ

31. ભારતમાં પ્લાસ્ટિક વેસ્ટને ડીઝલમાં તબદિલ કરવા માટે ભારતીય પેટ્રોલિયમ સંસ્થા દ્વારા ભારતમાં કઈ જગ્યાએ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે ? – દહેરાદૂન (ઉત્તરાખંડ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય કલાર્ક, સિનિયર કલાર્ક, તલાટી, જુનિયર કલાર્ક, PSI/ASI/CONSTABLE,
આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર
વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી

વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી

અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકાનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી

ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય કલાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

## કરન્ટ અફેર્સ

**JAN TO AUG 2019**

AVAILABLE NOW

કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો

INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.